PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર


રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com


પીજીવીસીએલ/સીજીઆરએફ/૩૦/કવા–૦૧/૧૭–૧૮/ ૪૧૬૯ તા. 05/05/17

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ખીમાભાઈ રાજાભાઈ વારોતરીયા,
ગામ: વડત્રા,
તા. ખંભાળીયા
જી: દેવભુમી દ્વારકા
મો: ૮૭૪૭૫ ૯૬૩૮૬

**વિષય :–ખેત જોડાણ ને નામબદલી અને શીફટીંગ સાથે પુન: ચાલુ કરવા બાબત**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૪–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૩૦/કવા–૦૧/૧૭–૧૮ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ,

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

**નકલ રવાના :**
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, દ્વારકા
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વિભાગીય કચેરી, વડત્રા

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01 / 1

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૩૦/ક્વા–૦૧/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૩૧–૦૫–૧૭ | સ્થળ : જામનગર |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

**અરજદાર (ફરીયાદી): નામ: ખીમાભાઈ રાજાભાઈ વારોતરીયા, ગામ: જામનગર**

**રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.**

**વિરૂધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

**પીજીવીસીએલ (કચેરી) : પેટા વિભાગીય કચેરી,વડત્રા (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

**રજુઆત કરનાર :એ.એ.છત્રોલા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી, જામ ખંભાળીયા)**

---

**: હુકમ :**

**ફરીયાદ : ખેત જોડાણ ને નામબદલી અને શીફ્ટીગ સાથે પુનઃ ચાલુ કરવા બાબત**

**મુદ્દા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદ્દાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર શ્રી એ તેમના કાયમી ધોરણે રદબાતલ કરાવેલ એવા –ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૩૫ / ૦૦૩૨૨ /૦ મા – મુળ ગ્રાહક શ્રી રાજાભાઈ કાનાભાઈ વારોતરીયા ના નામ પરથી – તેઓ શ્રી ના એટલેકે ખીમાભાઈ રાજાભાઈ વારોતરીયા ( મુળ ગ્રાહક ના પુત્ર ) નામ પર સીવીલીટી ના વારસાઈ ના રૂએ નામ બદલી સાથે, વારસાઈ મા મળેલ અન્ય જમીન પર શીફ્ટીગ મેળવી, અને જોડાણ ને પુનઃ ચાલુ કરવાની રૂ.૭૦૦/–( નામ બદલી + શીફ્ટીગ + પુનઃ જોડાણ ), જે રસીદ નંબર: ૧૩૫૧૩૮ તા.૧૧–૦૪–૧૬ ના રોજ – વડત્રા પેટા વિભાગીય કચેરી મા નોંધાવેલ હોવા છતા, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી કોઈ કાર્યવાહી કરાવેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદ્દા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી ખીમાભાઈ રાજાભાઈ વારોતરીયા ની, તેમના પિતાશ્રી રાજાભાઈ કાનાભાઈ વારોતરીયા ના નામના, ગામ:વડત્રા ખાતે ના ખેતીવાડી સર્વે નંબર : ૨૨૮ મા, અગાઉ કાયમી ધોરણે રદબાતલ કરાવેલ એવા –ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૮૯૩૫ / ૦૦૩૨૨ /૦ મા – મુળ ગ્રાહક શ્રી રાજાભાઈ કાનાભાઈ વારોતરીયા ( પિતાશ્રી) ના નામ પરથી – અરજદાર શ્રી ના એટલેકે ખીમાભાઈ રાજાભાઈ વારોતરીયા ( મુળ ગ્રાહક ના પુત્ર ) નામ પર સીવીલીટી ના વારસાઈ ના રૂએ – નામ બદલી સાથે, વારસાઈ મા મળેલ અન્ય જમીન સર્વે નંબર : ૧૮૦ પૈકી ૨ મા પર શીફ્ટીગ મેળવી, અને તે મુજબ સદર પીડીસી જોડાણ ને પુનઃ ચાલુ કરવાની રૂ.૭૦૦/–( નામ બદલી + શીફ્ટીગ + પુનઃ જોડાણ ), નોધણીચાર્જે, જે રસીદ નંબર: ૧૩૫૧૩૮ તા.૧૧–૦૪–૧૬ થી ભરપાઈ કરાયેલ એવી અરજી ને, વડત્રા પેટા વિભાગીય કચેરી તરફથી મંજુરી ની પ્રક્રીયા હેઠળ આવરી લેવામા આવેલ છે. સદર કેઈસ મા, ઘટતા દસ્તાવેજીક પેપર્સ ની પણ પૂર્તતા કરી અને, સક્ષમ એવી વર્તુળ કચેરી સમક્ષ – તા.૩૦–૦૫–૧૭ થી રજુ કરવામા આવેલ છે. જેથી હવે, સક્ષમ એવી વર્તુળ કચેરી તરફથી, દિન–૨૦ મા, અરજદાર શ્રી ને સદર કેઈસ મા, નામ બદલી + શીફ્ટીગ + પુનઃ જોડાણ ની નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત ની મંજુરી મળી જશે. અને તે મંજુરી અન્વયે ની રકમ નુ ભાવપત્રક પણ, દિન–૨૦ મા જ, અરજદાર શ્રી ને, અરજદાર શ્રી ને કચેરી મા રૂબરૂ બોલાવી, રૂબરૂ આપી, અને તે મુજબ તેમની ફરીયાદી નુ નિરાકરણ કરાયા સબબ ના, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર મા અરજદાર શ્રી ની સહી મેળવી ને, તે મુજબ, ફોરમ ની જાણકારી હેઠળ વધુમા વધુ દિન–૨૦ મા નિરાકરણ કરવામા આવશે. તે મુજબ નો અભિપ્રાય, અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ કરવામા આવે છે. |

**મુદ્દા નં.–૩ :**

**: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદ્દા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | સદર કેઈસ મા, અરજદારશ્રી ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતે ની મુખ્ય માંગણી ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી સકારાત્મક અનુમોદન આપીને, દિન–૨૦ મા જ, અરજદાર શ્રી ને સદર કેઈસ મા, નામ બદલી + શીફ્ટીંગ + પુનઃ જોડાણ ની નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત ની મંજુરી મળી જશે. અને તે મંજુરી અન્વયે ની રકમ નુ ભાવપત્રક પણ, દિન–૨૦ મા જ, અરજદાર શ્રી ને, અરજદાર શ્રી ને કચેરી મા રૂબરૂ બોલાવી, રૂબરૂ આપી, અને તે મુજબ તેમની ફરીયાદી નુ નિરાકરણ કરાયા સબબ ના, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર મા અરજદાર શ્રી ની સહી મેળવી ને, તે મુજબ, ફોરમ ની જાણકારી હેઠળ વધુમા વધુ દિન–૨૦ મા નિરાકરણ કરવામા આવશે. તે મુજબ નો અભિપ્રાય, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં.૨.૧ મુજબ ની વિગતે, ફોરમ કમિટી સમક્ષ રજુ કરાયેલ છે. જેથી, સદર કેઈસ મા, પીજીવીસીએલ પક્ષકાર ને તે મુજબ ની કાર્યવાહી દિન–૨૦ મા, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન કરી, તે મુજબ નો અહેવાલ દિન–૨૫ મા, અત્રેના ફોરમ ને પાઠવવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા બાબતે નો, સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |

**મુદ્દા નં.–૪ :**

**હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે, અરજદારશ્રી ની સદર ફરીયાદી નુ નિરાકરણ, જે દિન–૨૦ મા, અરજદાર શ્રી ના લેખીત સંમતીપત્ર હેઠળ સંપન્ન કરી, તે મુજબ નો અહેવાલ દિન–૨૫ મા, અત્રેના ફોરમ ને પાઠવવા સબબ નો , પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

<u>નોંધ</u> જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી આ નિર્ણય સામે, નિર્ણયના મળ્યા પછીના ૩૦ દિવસની અંદર, "ઈલેક્ટ્રીસીટી ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રણ આયોગની કચેરી, પ્લોટ નં. ૩, પોલીટેકનીક કમ્પાઉન્ડ, અંબાવાડી, અમદાવાદ–૩૮૦ ૦૧૫" સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમ ઉપર રકમ પીજીવીસીએલમાં વ્યાજ સાથે ભરપાઈ કરાવેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.